પર્વ ૧૨

ઉપસંહાર

પૃથ્વીલોકમાં પુનરાગમન

વનમાં સત્યવાનનું મૃત્યુ થયું. સાવિત્રીના ખોળામાં એનું ખોળિયું હતું, પણ યોગવિધિથી નિગૂઢમાં યથેચ્છ પ્રવેશ કરવાને સમર્થ બનેલી સાવિત્રી પોતાના પ્રાણનાથના પ્રાણ લેવાને આવેલા યમરાજને પ્રત્યક્ષ જોઈ શકતી હતી. એનો સમાધિસ્થ આત્મા સૂક્ષ્મ ભૂમિકાઓમાં ગતિ કરતો બની ગયો હતો. એટલે એણે હવે સત્યવાનના જીવને લઈને જતા યમનો પીછો લીધો. આમ જતાં જતાં વચ્ચે એને અનેક ભયંકર સૂક્ષ્મ દર્શનો થયાં. યમે એને પાછી વાળવા માટે બતાવેલા ભયો અને પ્રલોભનો વચ્ચે એ પોતાના દિવ્ય પ્રેમના દૃઢ સંકલ્પમાં સ્થિર રહી અને આખરે એણે યમને પોતાના દૈવતથી માત કર્યો અને એની પાસેથી વરદાનમાં અનેક ઇષ્ટ સિદ્ધિઓ મેળવી ને સત્યવાનના જીવને સાથે લઈ એ પૃથ્વીલોકમાં પાછી આવી.

ગહનગભીર સમાધિમાંથી સાવિત્રીનો આત્મા જાગ્યો. જોયું તો પોતે પૃથ્વી-માતાના પ્રશાન્ત અચિત્ હૃદયે અવસ્થિત હતી. એની સમાધિનું સંરક્ષણ કરતી લીલી ડાળીઓ એની ઉપર ઉપરથી ઝૂકેલી હતી. એક કલરવ કરતું લીલું પંખી હરખભેર પાંખો ફફડાવી ઊડી ગયું. વન હતું જાદૂઈ રહસ્યમયતાઓથી ભર્યું. લીલમ-લીલી પર્ણોની જાળીઓમાં થઈને જોતાં ઓસરતો દિવસ સાંજની શાન્તિમાં સરતો દેખાતો હતો. સાવિત્રીએ સજીવ બનેલા સત્યવાનના શરીરને દાબ્યું અને એના મસ્તકને આનન્દથી હૈયે ધારણ કર્યું. સત્યવાનના શરીરનો ભાર એને સ્વર્ગના ભાર જેવો સુખદ લાગ્યો; એના પ્રાણ સત્યવાનના પ્રાણનાં સંવેદનો સેવવા લાગ્યા, એનો આખોયે આત્મા સત્યવાનના આત્માને વીંટળાઈ વળ્યો.

સાવિત્રીની સમાધિ હવે દૂરની બની ગઈ હતી ને એ પૂર્વવત્ પાછી પૃથ્વી-લોકની માનુષી સાવિત્રીની અવસ્થામાં આવી ગઈ હતી. તેમ છતાંય એ પોતામાં થયેલું પાર વગરનું પરિવર્તન અનુભવતી હતી. પૃથ્વીમાં સમાય ના એવી એક મહાન શક્તિ એના આત્મામાં આવી હતી; સ્વર્ગમાંય સમાય ના એવું એક મહાસુખ એના હૃદયમાં નિવાસ કરતું બની ગયું હતું. એક અદ્ભુત પ્રકાશે એના વિચારનો ને મહાપ્રેમે એના ભાવોનો કબજો લઈ લીધો હતો. બધાં જ પાવનો એની ચેતનાની સમીપતા સાધવા આવ્યાં હતાં. એક મહા મૌન એનાં ચિંતનોનો ઉત્સ બની ગયું હતું. વિશ્વોની મંગલમયતા એના મુખ પર મલકતી હતી. આખું વિશ્વ આનંદ માટે એનો આશ્રય લેતું હતું. સ્થળ-કાળમાં વિદ્યમાન સૌ એણે પોતાનું બનાવી

દીધું હતું. પોતાના ઉજ્જ્વલ ધામમાંથી આનંદપૂર્વક ઊડી આવતાં પંખી જેવાં એનાં પાર્થિવ પ્રભાતો હતાં. એનો આત્મા સમકાલ ભૂત, ભવિષ્ય ને વર્તમાનમાં રહેતો હતો. સાવિત્રી હવે શાશ્વતતાનું અને અનંતતાનું એક માનવરૂપધારી સજીવન કેન્દ્ર બની ગઈ હતી.

આવી અવસ્થામાં સાવિત્રી થોડી વાર રહી ને જાગ્રત સમાધિની આશ્ચર્યમયતા અનુભવવા લાગી. પછી એ અડધીક ઊઠી ને આસપાસ નજર ફેરવી જૂના મધુરા તાર મેળવવા લાગી.

આ સર્વ સમય એ અગાધ નિદ્રાના ધારણમાં નંખાયેલા પોતાના મંત્રમુગ્ધ પ્રેમીને પકડમાં રાખી રહી. બે અનુકૂળ ભુવનોની કિનાર પર એક બાલાત્માની માફક એ ઢળેલો હતો. હવે સાવિત્રી એની ઉપર ઝૂકી, એનાં પોપચાંને પ્રેમથી સ્પર્શતી રહી અને અત્યંત કોમલતાથી પોતાનો પ્રેમલ હસ્ત એનાં અંગો ઉપર ફેરવવા લાગી. ઉત્કટ આનંદ ભરી એની દૃષ્ટિ સત્યવાન ઉપર સ્થિર ઠરી. દેવોનો વિશુદ્ધ ભાવાવેશ એમાં ભર્યો હતો. ચારે દિશાઓએ સ્વર્ગાકાશ પૃથ્વીને ભેટવા ઝૂક્યું હતું. પ્રશાન્ત પ્રહર્ષ અને સાવધાન સંરક્ષાનું વાતાવરણ વ્યાપ્યું હતું. થોડી વારમાં જ સાવિત્રીના સ્પર્શથી સત્યવાનનાં પોપચાં ઉપર ઠરેલી નિદ્રા મૃદુલ પાંખો પલપલાવતી મર્મરતી ઊડી ગઈ. સત્યવાને આંખ ઉઘાડી ને જોયું તો સામે સાવિત્રીની આતુર આંખો એની વાટ જોઈ રહી જ હતી. પોતે હવે પૃથ્વીલોકમાં પાછો ફર્યો હતો અને એનું આત્મસર્વસ્વ સાવિત્રી પુન: એની પોતાની બની ગઈ હતી એ એણે પ્રત્યક્ષ કર્યું. ચમત્કારક ઘટનાના અસ્પષ્ટ સ્મરણ સાથે સત્યવાન બોલ્યો:

"ઓ દિવ્યતાની સુવર્ણસુન્દર દીપ્તિ! ઓ દેવી છતાંય માનુષી! નિખિલ માધુર્યની મંજૂષા! મારી ચિદંબરચંદ્રિકા સાવિત્રી! તારા પ્રેમની શૃંખલાથી બંધાયેલા મને આ બંદિને તું ક્યાંથી પાછો લાવી છે? કેમ કે હું તો તારા સાથમાં રહી અજાણ્યાં ભુવનોનો યાત્રી બની ગયો હતો. આપણે બન્નેએ કાલરાત્રિના દરવાજાઓની અવહેલના કરી હતી. તારા વગરનો અમરોનો આનંદ મારે જોઈતો નહોતો. સ્વર્ગો પ્રત્યે મેં મારી પીઠ ફેરવી દીધી હતી, પણ ક્યાં છે પેલું ભયાનક સ્વરૂપ? ક્યાં છે પેલું શૂન્યાકારનું કારમું ભૂત? પ્રભુનો ને આત્માનો ઇનકાર કરનારી ને દાવો કરી જગતને મૃત્યુની ને શૂન્યની પ્રત્યે લઈ જવા માગતી પેલી કારમી સત્તા ક્યાં છે? કે એ બધું કેવળ સ્વપ્ન હતું કે અધ્યાત્મ નિદ્રામાં દેખાયેલું દૃશ્ય? કે એ હતું કાળમાંના વિરોધોનું પ્રતીક? કે જગતના સાહસ માટે ઊતરી આવેલા આત્માને માર્ગ બતાવવા માટે પ્રકટેલો કો અવકાશદીપ?"

સાવિત્રી બોલી: "આપણે અળગાં પડયાં જ નથી. સાથેનાં સાથે જ હતાં. એ તો હતો માત્ર સ્વપ્નાભાસ. આ રહ્યાં આપણે સાથમાં ને બાથમાં, જીવતાં ને જાગતાં. ચારે બાજુ નજર કર ને જો આ આપણું વન-સદન. આ રહ્યાં એ લીલમ-લીલાં મર્મરાટે મચેલાં પર્ણ. ઓ સાંભળ પેલો હૃદયના હર્ષને હેલારે ચડાવતાં

પંખીડાંનો મીઠડો કિલકિલાટ. જો જો, એ આપણાં સ્તવન કરી રહ્યાં છે. જ્યાં આપણે રાજા ને રાણી છીએ ત્યાં એ છે આપણાં પાંખાળા બંદિજનો. એ છે આપણા વનવાસના બાંધવો. આપણા આત્માઓએ મૃત્યુની કાળરાત્રિને ક્યાંય પાછળ છોડી છે. એક અલૌકિક ને ઓજસ્વી સ્વપ્નની સત્યતાથી આપણે પૂરેપૂરાં પલટાઈ ગયાં છીએ. પ્રતીકાત્મક જગતોની જ્યોતિમાં આપણા આત્માઓ નાહ્યા છે. અસ્તિત્વનાં અદ્‌ભુત શિખરો પર આપણે પ્રભુને બારણે ઊભાં હતાં. આપણે બની ગયાં 'તાં મુક્ત-નિર્મુક્ત. આપણે માટે સઘળી સીમાઓ સુદૂર સરી ગઈ હતી."

પછી બન્ને જણ ઊઠયાં, પણ ત્યાં તો સત્યવાનની આંખમાં એક અવનવી ચમક આવી અને એ આરાધનાની ઊર્મિથી ઊભરાતો બોલ્યો :

"સાવિત્રી! તારામાં કેવો અસાધારણ પલટો આવી ગયો છે! મારે મન તું હમેશાં દેવી તો હતી જ, પરંતુ આ તારી માનવતા તને અધિક દેવી બનાવી રહી છે. તું એવી તો અવદાત અને દેવતાઈ દેખાય છે કે તને અર્પાતી મારી બધીય આરાધનાઓ અધૂરી બની જાય છે. લાગે છે કે કાળ તારે ચરણે ઢળેલો છે ને આ આખું બ્રહ્માંડ કેવળ તારો જ એક અંશ છે. પેલા તારકો તારી દૃષ્ટિથી જ મને જોઈ રહ્યા છે. મારા પાર્થિવ જીવનની તું જ એક સંરક્ષિકા છે. મારું આયુષ્ય તારા સ્વપ્નસેવી વિચારોનો મર્મરાટમાત્ર છે. મારા દિવસ ને મારી રાત તારા સૌન્દર્યનો જ આંશિક આવિર્ભાવ છે. તારે લીધે જ મારું મર્ત્ય જીવન લંબાયું છે. તારા વડે તું હવે એને આનંદમય બનાવી દે."

સાવિત્રીએ સત્યવાનને ચરણે મસ્તક મૂક્યું. પ્રેમલ મખમલ જેવી મૃદુલ અલકાવલિ સત્યવાનને ચરણે પાથરી દઈ, મંદ્ર મધુર રણકતી વીણાને સ્વરે એ વદી :

"હવે તો બધું જ બદલાઈ ગયું છે ને બદલાઈ ગયેલું હોવા છતાંય બધું એનું એ જ છે. આપણે પ્રભુના મુખનાં મંગલ દર્શન કર્યાં છે, પરમાત્મા સાથે એક-સ્વરૂપતા અનુભવી છે. પ્રભુના સ્પર્શથી આપણો પ્રેમ બૃહત્તર બની ગયો છે અને તેમ છતાંય આપણા માનવીય પ્રેમાનંદને જરાજેટલીય ઊની આંચ આવી નથી. સ્વર્ગીય સ્પર્શ સર્વને પરિપૂર્ણતાએ પહોંચાડે છે; એ આપણી પૃથ્વીને રદ-બાતલ કરતો નથી. હું એની એ જ સાવિત્રી છું, એની એ જ મદ્રની રાજકુમારી. સઘળા સુમધુર સંબંધો આપણાં જીવનોમાં સંલગ્ન થશે. જેમ તું મારું રાજ્ય છે તેમ હું પણ તારું રાજ્ય છું. હું તારી કામનાની રાણી છું ને દાસી પણ હું જ છું. હું છું તારા આત્માની ભગિની ને તથૈવ તારી આવશ્યકતાઓ પૂરી પાડનારી માતા પણ હું જ છું. મારે માટે તું છે મારો આવશ્યક ભૂલોક ને તું જ છે મારા વિચારોની વાંછનાનું સ્વર્ગ. તું છે મારું જગત ને તું છે મારો આરાધ્ય દેવ. આપણાં અંગો અન્યોન્યનાં પૂરક અંગો છે. તારું હૃદય મારા હૃદયની ધબકોની ચાવી છે. આ છે તું મારે માટે ને હું તારે માટે.

આપણું પરિણીત જીવન નવેસર આરંભાય છે. કોઈ પણ હરખ ખોવાયો નથી,

કોઈ પણ મર્ત્ય આનંદની ગહરાઈ ગુમ થઈ નથી. પ્રભુની લીલાભૂમિ પૃથ્વી આપણને પાછી અપાઈ છે. પશુ, પક્ષી અને મનુષ્યમાં છુપાઈ રહેલા પ્રભુ સાથે આપણે મધુર પ્રકારે પ્રેમ દ્વારા એકાત્મકતા પુનઃ પ્રાપ્ત કરીશું. હે સત્યવાન! આત્માના અનાવૃત થયેલા મહાપ્રકાશમાં આપણે અન્યોન્યને પ્રાપ્ત કર્યાં છે. દુઃખનું મરણ થયું છે ને ગભીર આનંદમાત્ર અવશેષમાં રહ્યો છે. ચાલો, આપણે સર્વેનેય આનંદ આપીએ. અવ્યક્તના પડદા પાછળથી, અજ્ઞેયના અગાધ ઊંડાણમાંથી આપણે આ શ્રામ સેવતા જગતમાં આવ્યાં છીએ. બે અગ્નિઓ સૂર્યપિતાની પ્રત્યે પ્રજવળતા જાય છે, બે રશ્મિઓ આદિ પ્રકાશની દિશામાં સહયાત્રા કરે છે માનવ જીવને પરમ સત્યની ને પ્રભુની પાસે દોરીને લઈ જવા માટે આપણો જન્મ થયો છે. ચિત્રવિચિત્ર મર્ત્ય જીવનને અમૃતત્વે લઈ જવા માટે આપણે આવ્યાં છીએ, એને પ્રભુનું પ્રતિમા સ્વરૂપ બનાવવાનું કાર્ય પાર પાડવા આપણે અવતાર લીધો છે.”

સત્યવાન અને સાવિત્રી દેહે અને દેહીએ, દ્વૈતે અને અદ્વૈતે એકાત્મકતા અનુભવતાં ત્યાં ઊભાં; કાળના આનંદો માટે ઉભયે અનંત કાળની એકતા સાધી. પછી હાથમાં હાથ લઈ બન્નેએ એ પવિત્ર સ્થાન છોડયું અને પોતાના લીલાછમ આશ્રમનો માર્ગ લીધો. એમની આસપાસ બપોરમાંથી સાંજ થઈ ગઈ હતી, સૂર્યબિંબ ક્ષિતિજરેખા નીચે ઊતરી ગયું હતું. પંખીઓ પોતપોતાને માળે પાછાં ફરી રહ્યાં હતાં. દિવસ રાત્રિના આલિંગનમાં અંતર્લીન થઈ ગયો હતો.

બન્ને ચાલ્યાં, આસપાસ આવેલાં સાંધ્યછાયાલીન વૃક્ષોની વચ્ચે થઈ ચાલ્યાં. ધ્યાનનિલીન સંધ્યામાત્ર એમનો પદરવ સાંભળતી હતી. ચારે કોરથી ચોપગાં નિશાચરોનાં પગલાં ને પોકારો નજીકમાં આવતાં જતાં હતાં. તેવામાં ત્યાંના એકાન્તને ચિર-અપરિચિત કોલાહલ કાને પડયો. એકાન્તતાની આદિ નિદ્રામાં ભંગ પાડતો એ પર્ણોની મંત્રમુગ્ધતા ઉપર આક્રમણ કરી વધતો વધતો ઘેરો બનતો ગયો. અનેક પ્રકારના અવાજો ને અનેક પગલાંના સંચારો પાસે આવતા અનુ-ભવાયા. પછી તો મનુષ્યોની મેદની રંગરંગનાં મોજાં માફક ચડી આવતી નજરે પડી. વ્યવસ્થિત સમૂહોનો ધ્વનિ, નવાં નવાં મુખો, સોનેરી ને રૂપેરી ઝળહળાટો ગૂંચવાઈ ગયેલી ડાળીઓ મધ્યે બલાત્કારે માર્ગ કરી શોધ કરતાં આવી પહોંચ્યાં, એમાં હતા મહાબલવાન યોદ્ધાઓ, ગર્વીલા ઘોડેસવારો, વિશદ વસ્ત્રધારી સૌમ્ય ને સુખદ દૃષ્ટિવાળા વિપ્રવરો, પ્રશાન્ત પૂજારીઓ અને યજ્ઞકાર્યમાં પારંગત યાજ્ઞિકો.

એ સૌને મોખરે હતો રાજા દ્યુમત્સેન, અંધત્વમાંથી મુક્ત થઈ પ્રકાશદર્શન પામેલો, રાજોચિત પ્રભાવશાળી પગલે ચાલતો. એની બાજુએ હતી રાજમાતા મહારાણી, ચિંતાતુર અને આતુર નયને પોતાનાં બાળકોની ભાળમાં નીકળેલી. સૌથી પ્રથમ એ મમતાળુ માએ સત્યવાન અને સાવિત્રીને દૂરથી આવતાં દીઠાં, ને પછી તો સેંકડો મશાલોની ઝબકતી જોત સાથે સઘળાં જ એમની દિશામાં

ઊમટયાં. એ જોવા જેવી અજોડ જોડને જોઈને ગગન ગજવતો હર્ષઘોષ ઊઠયો. માતાપિતા પોતાના પ્રાણાધાર પુત્રની પાસે હાવાંબાવરાં બની ઉતાવળાં ઉતાવળાં ધસ્યાં ને સત્યવાનને પ્રેમપાશમાં લઈ લીધો. પછી દ્યુમત્સેન કોમળ કંઠે સત્યવાનને મીઠો ઠપકો આપતો બોલ્યો :

"સૌભાગ્યનું વરદાન દેનારા દેવતાઓએ મારી ઉપર મહેર કરી છે. મારી આંખોને પ્રકાશની પુનઃપ્રાપ્તિ થઈ છે અને આપણે આંગણે પનોતાં પગલાં પાડતી રાજ્યલક્ષ્મી સ્મિતવદને સ્વયં ઉપસ્થિત થઈ છે. પણ વત્સ! તું ક્યાં હતો? ઓ મારા પ્રાણાધાર! તારા વિના અમારો આનંદ ઉદ્વિગ્ન બની ગયો હતો; તારા વગરની દેખતી થયેલી આ આંખો બેકાર બની ગઈ હતી, અને ઓ સાવિત્રી! તુંય તારા પતિને વેળાસર અમારી ગોદમાં ન લઈ આવી, તે શું તારા જેવીને માટે યોગ્ય હતું? તું જાણે તો છે જ કે એના વિના મને ભોજન ભાવતાં નથી અને સાંજ-સવાર એનો સ્પર્શ મને ન મળે તો મારા આ આખરના દિવસો દુ:ખી દુ:ખી બની જાય છે."

પણ ત્યાં સત્યવાન મોં મલકાવીને બોલ્યો :

"બધો જ વાંક આ સાવિત્રીનો છે. એ જ આ સર્વેના કારણરૂપ છે. એના જાદૂઓ મને વીંટળાઈ વળ્યા હતા. બાકી હું તો આ મારું માટીનું ઘર છોડી બપોરના દૂરદૂરની અનંતતાઓમાં અટવા નીકળી પડયો હતો, પણ ત્યાં આણે જ મને પોતાના સુવર્ણસુન્દર બાહુઓમાં બંદિ બનાવીને અહીં પાછો આણ્યો છે; એને લીધે જ હું આ લીલમવર્ણી પૃથ્વી ઉપર પગલાં માંડી શકયો છું ને તમારી આગળ આ ઊભો છું."

પછી તો સૌની દૃષ્ટિ સાવિત્રી તરફ વળી. ચૂપચાપ એ સત્યવાનને પડખે ઊભી હતી ને એના ગાલ ઉપરનો સોનેરી રંગ લાલાશ પકડતો હતો. નીચી દૃષ્ટિએ ઊભેલી એ બાલા અલૌકિક દીપતી હતી. એને જોતાંવાર સૌમાં સર્વસંમત એક વિચાર સ્ફુર્યો : "ભૂલોકનું કહો તો ભૂલોકનું ને સ્વર્લોકનું કહો તો સ્વર્લોકનું, આ ક્યું આભાવંતું આશ્ચર્ય માનવ સત્યવાનને પડખે ઊભું છે? સંધ્યાની છાયા એના ઓજથી ઓજસ્વી બની ગયેલી દેખાય છે. જગતે જેને વિષે સાંભળ્યું છે તે જ જો એ હોય તો જે સર્વસુખદ ચમત્કારો થયા છે તેનાથી તાજુબ થવા જેવું નથી. એનું હૃદય અખિલનું અદ્ભુત રૂપાન્તર સાધી શકે એવા દૈવી રસાયનથી ભરપૂર છે."

પછી બીજા એક મુનિ બોલ્યા : "ઓ સ્રીસ્વરૂપધારી અલૌકિક આત્મા! તેં કયો પ્રકાશ આણ્યો છે? કઈ શકિત તારામાં પ્રકટ થઈ છે? અમારે માટે તેં ક્યા નવા યુગનાં મંડાણ કર્યાં છે?"

સાવિત્રીની પાંપણો ફરફર કરતી ઊંચે ગઈ ને માનવ રૂપોને પોતાના આનંદનો વિષય બનાવનારી ને અમર વસ્તુઓને અવલોકનારી ને વિશ્વસકલને પોતાનું

બાલક બનાવી બેઠેલી એક માતૃદેવતાએ દર્શન દીધાં.

પરંતુ સાવિત્રીનાં પડતાં પોપચાં સાથે જગતના જીવોને નિજ હૃદયમાં રાખનારી દેવીનું દર્શન પડદા પાછળ જતું રહ્યું ને એ ધીરે રહીને બોલી :

"મહાત્મન્ ! હું તો કેવળ મારા હૃદયના હાર્દ પ્રત્યે જાગી ને મને જણાયું કે પ્રેમ અને એકાત્મભાવ જ સાચું જીવન છે અને આપણી આગળ જે સર્વ સોનેરી રૂપાંતરો થયાં છે તે સર્વે એના જ જાદૂનું પરિણામ છે. હું આ સત્ય જ જાણું છું અને એ સર્વત્ર સિદ્ધ થાય એવું માગું છું."

પરમોચ્ચ જ્ઞાનપ્રકાશથી ભર્યાં એનાં આ વચનોથી સર્વે આશ્ચર્યચકિત થયા અને પછી તો સંઘ પશ્ચિમ તરફ વળ્યો. અરણ્યની જટિલ કિનાર પાર કરીને પૃથ્વીની છાયાગ્રસ્ત સીમામાં સૌ પ્રવેશ્યા. કોલાહલે, હિલચાલે ને મનુષ્યોના પદરવે રાત્રિના એકાન્તનો અંત આણ્યો. ઘોડાઓના હણહણાટ ને પડતી પડઘીઓ ને રથોના ઘર્ઘરઘોષો પ્રયાણની સાથે વધતા ગયા. શ્વેત અશ્વોથી જોતરાયેલા એક મહારથમાં સાવિત્રી-સત્યવાન વિરાજ્યાં હતાં. બીજા જ એવા રથમાં રાજા-રાણી બેઠેલાં હતાં. મહોત્સવોએ મચેલી આ મંડળી આગળ વધી. દક્ષિણ દિશાની વનની ધારે ધારે મંગલ ગીતો ગાતાં ને મંગલ વાદ્યો વગાડતાં સૌ સૈન્યની સુરક્ષા સાથે પાટનગરને પંથે પ્રયાણ કરવા લાગ્યાં.

રાત્રિના આકાશમાં અસંખ્ય તારાઓ તરવરતા હતા ને અંધકારગ્રસ્ત અંતરિક્ષમાં પ્રકાશની રુચિર રેખાઓ રચતા હતા. સ્વપ્ન સેવતો સુધાકર ગગનમાં સરતો હતો. રૂપેરી શાન્તિ ભૂમંડળ પર પથરાઈ હતી. નિજ નિગૂઢ હૃદયની રહસ્યમયતામાં રજનિ કોઈ એક મહત્તર પ્રભાતની પરિપોષક માતા બની ગઈ હતી.

બારમું પર્વ સમાપ્ત